દાદા ભગવાન પરિવારનું

જૂન ૨૦૧૮

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ

## પાશવી આનંદ



## સંપાદકીય

બાળમિત્રો,

આપણે અત્યાર સુધી આનંદની ઘણી વાતો કરી. પણ શું તમને ખબર છે કે આનંદ ખોટી રીતે, ખોટી જગ્યાએથી લઈએ તો એ પણ એક જાતનો ગુનો કહેવાય છે?

નહીં ને?

તો આવો, આ અંકમાં આપણે જોઈએ કે ખોટી રીતનો આનંદ એટલે શું? એ કેવી રીતે લેવાઈ જાય છે? અને એ લેતા અટકીએ.

-ડિમ્પલ મહેતા

# પાશવી આનંદ

# અક્રમ એક્સપ્રેસ


Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

વર્ષ : ૧૦, અંક : ૧૦
સળંગ અંક : ૧૧૮
જૂન ૨૦૧૮



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...





પ્રશ્નકર્તા : પાશવી આનંદ એટલે શું ?

નીરુમા : પાશવી આનંદ એટલે

- આપણને જેની જોડે ના ફાવતું હોય
- આપણને જેની જોડે સ્પર્ધા હોય
- જેની જોડે દુશ્મની હોય
- જેની જોડે વેર બંધાયુ હોય
- દ્વેષ હોય

એ જરા બધા વચ્ચે નીચો પડ્યો કે એનું કંઈ ખરાબ થયું, એનું કંઈ નુકસાન થયું તો આપણને મહીં અંદર આનંદ થાય કે, સારું થયું, બહુ ચગ્યો હતો ને, પડ્યોને હવે. ઠેકાણે આવ્યોને, કુદરતે સીધો કર્યોને. એમ કરીને આપણે કશું લેવાદેવા ના હોય છતાં આપણે અંદર ખુશ થઈએ. એ પાશવી આનંદ કહેવાય.

આ આનંદ પાછળનું કારણ એ છે કે એ વ્યક્તિ આપણને ગમતી નથી.

જેની જોડે આપણને રાગ હોય, એનું કંઈ નુકસાન થાય તો ત્યાં આપણે દુઃખી થઈએ. અને દ્વેષવાળો હોય, વેર વાળો હોય, અણગમતો હોય તો અંદર ખુશ થઈએ કે, જો થયોને સીધો.

પાશવી આનંદ અંદર સૂક્ષ્મમાં હોય છે. બહાર તો આપણે ડાહ્યા ડમરા દેખાઈએ પણ અંદર આ આનંદ લેવાતો હોય. ત્યાં સુધી કે બે જણની વાત હોય, એક કહે કે મારે દક્ષિણમાં જવું છે, અને બીજો કહે કે મારે ઉત્તરમાં જવું છે. બેઉનું રકઝક ચાલતું હોય. પછી બધા કહે કે, ના...ના... આપણે તો ઉત્તરમાં જ જઈએ. એમાં પહેલી વ્યક્તિને મનમાં આનંદ થાય કે જો બધાએ મારું માન્યું ને. પેલો ખોટો પડ્યો ને. મારું સાચું પડ્યું ને. એમ કરીને કેટલો બધો ખુશ થઈ જાય ! આનંદ માણ્યા કરે અંદર, એ બધો પાશવી આનંદ.



પાશવી વૃત્તિને કહેવામાં આવે છે, પશુને નહીં. જેની વૃત્તિ પાશવી હોય એને ઢોર જેવો છે, એમ કહે લોકો.

# આ તો નવી જ વાત !

પાશવી આનંદથી આપણે આપણી જાતને જ નીચા પાડીએ છીએ, કારણકે સામાને તો કંઈ ખબર નથી કે તમે અંદર આનંદ લઈ રહ્યા છો. આપણે જ આપણું બગાડીએ છીએ.





રાક્ષસી પણ વૃત્તિને કહેવામાં આવે છે. રાક્ષસ જેવો કોઈ માણસ નથી, જે વાર્તાઓમાં વર્ણન કર્યું છે કે જેના મોટા મોટા શિંગડા હોય કે આઠ-દસ હાથ હોય, બે-ચાર માથા હોય. એવું નથી. પણ એની વૃત્તિ રાક્ષસી વૃત્તિ છે. માટે એને રાક્ષસ જેવો છે એમ કહેવાય.

પહેલાના જમાનામાં રાજાઓ શિકાર કરી આનંદ લેતા હતા, એ પાશવી નહીં પણ રાક્ષસી આનંદ કહેવાય. કોઈને મારીને જે આનંદ લે કે, મે આટલા માર્યા, આટલા માર્યા, આટલી બસ બાળી નાખી એ બધો રાક્ષસી આનંદ કહેવાય. રાક્ષસી આનંદ પાશવી આનંદથી પણ વધારે ભયંકર કહેવાય.



# રોગની ઓળખાણ

"ધન્ય છે આ રામપુર ગામ જ્યાં આવા ઉચ્ચ કોટીના સંતનો વાસ છે." તે દિવસે સંતશ્રીની મનોહર વાણી સાંભળીને આજુબાજુના ગામોમાંથી આવેલ સહુ ભક્તજનોના દિલમાં આ જ વાત ગુંજી રહી હતી.

સંતશ્રીની ખ્યાતી એટલી બધી ફેલાઈ ગઈ હતી કે રામપુર ગામમાં જ્યારે પણ સંતશ્રીના સત્સંગનું આયોજન થતું, ત્યારે આસપાસના ગામવાસીઓ અચૂક આ લ્હાવો લેવા પહોંચી જતા.

રામપુર ગામમાં સંતની સેવા અને સગવડતા સાચવવાનું મોટા ભાગનું બધું જ કામ હરિભાઈ કરતા.

"હરિભાઈ, તમે ખરેખર ખુબ પુણ્યશાળી છો કે તમને સંતશ્રીની સેવા અને સાનિધ્યનો આવો અનેરો અવસર પ્રાપ્ત થયો છે," દાસપુર ગામના સરપંચે હરિભાઈને કહ્યું.

"ખરું કહો છો ભાઈ. હું તો અનાથ હતો. સંતશ્રીને આશ્રિત થઈ હું સનાથ બન્યો. એમણે જ મારી દેખરેખ કરી છે. અને મેં મારું જીવન એમને સમર્પિત કર્યું છે." હરિભાઈનો સ્વર ગદગદ બની ગયો.

"સાંભળ્યું છે કે સંતશ્રી ક્યારેય ગામની બહાર સત્સંગ કરવા નથી નીકળ્યા." સરપંચે પૂછ્યું.


"હા, ખરું સાંભળ્યું છે," હરિભાઈ બોલ્યા.

"તો, અમને ક્યારેય સંતશ્રીની સેવાનો લાભ મળશે જ નહિ ? અમારા ગામના ભાગ્ય ક્યારેય ખુલશે જ નહિ ?" સરપંચના અવાજમાં નિસાસો હતો.

હરિભાઈને ખાતરી હતી કે સંત ક્યારેય રામપુરની બહાર જવાનું પસંદ નહીં કરે. ઊંડે ઊંડે હરિભાઈને એ વાતનો ગર્વ પણ થવા લાગ્યો હતો કે સેવાનો આવો અદ્ભુત અવસર ફક્ત એમને પ્રાપ્ત થાય છે.

સરપંચના સંતોષ ખાતર એમણે કહ્યું, "અરે ભાઈ, નિરાશ ના થાઓ. પ્રભુ ઈચ્છા હશે તો સંત જરૂર તમારે ગામ પધારશે. ચાલો, હું તમને સંત પાસે તેડી જાઉં. તમે જાતે જ એમને આમંત્રણ આપો."


હરિભાઈએ સંતશ્રીને સરપંચની ઓળખાણ આપી અને એમના દિલની વાત કહી. સરપંચ બે હાથ જોડીને સંતશ્રીની સામે ઊભા હતા.



સંતશ્રીની દ્રષ્ટિ પડતાં જ સરપંચ બોલી ઉઠ્યા, "પ્રભુ, દાસપુર ગામને પણ તમારા પગલાથી પાવન બનાવો."

સંતે બેઉ ભક્તોના દિલના ભાવ વાંચી લીધા.

"જરૂર. અમે દાસપુર જરૂર આવીશું," સંતે સરપંચના માથે હાથ મુકીને કહ્યું. સરપંચ સંતશ્રીના



ચરણોમાં ઝુકી ગયા, "હું કૃતાર્થ થયો પ્રભુ. ગામવાસીઓ આ વાત સાંભળી આનંદથી ઝૂમી ઉઠશે."

હરિભાઈ સ્તંભિત થઈ ગયા. થોડી ક્ષણ માટે એમને એવું લાગ્યું કે જાણે પોતાની કોઈ વહાલી ચીજ છીનવાઈ ગઈ હોય. પણ તરત જ એમણે પોતાના અવળા ભાવો ખંખેરી કાઢ્યા અને દિલથી સરપંચને કહ્યું, "ધન્ય છે સરપંચજી તમારા આ પ્રબળ ભાવને ! તમને અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. કોઈ પણ મદદની જરૂર હોય તો અવશ્ય જણાવજો."

પોતાના અનુભવ પ્રમાણે હરિભાઈએ સરપંચને સંતશ્રીની સગવડતા સાચવવા માટે બધા જ સૂચનો આપ્યા.

"અને હા...સરપંચજી, ખાસ ધ્યાન રાખજો કે સંતશ્રીને સાદગી પસંદ છે," હરિભાઈએ આ વાત ઉપર વધારે ભાર મુક્યો.

તાબડતોબ દાસપુર ગામ પહોંચીને સરપંચે ગામવાસીઓને આ સમાચાર આપ્યા. ગામવાસીઓ પુલકિત થઈને ઉલ્લાસભેર સંતના આગમનની તૈયારીઓમાં લાગી ગયા.

"આપણા ગામનો વટ પડી જવો જોઈએ." સરપંચે મૂછ પર હાથ ફેરવતા પોતાની પત્નીને કહ્યું.

"આપણી સગવડતા જોઈને એમને લાગશે કે જેટલી કદર એમની રામપુરે નથી કરી એટલી કદર દાસપુરના લોકોએ કરી," સરપંચે પોતાની મોટાઈનું પ્રદર્શન કર્યું.

"પણ મને એવું નથી લાગતું કે તેઓ બહારની જાહોજલાલીથી પ્રસન્ન થાય. સંતશ્રી આપણી શ્રધ્ધા અને સાચી ભક્તિની કિંમત કરશે, નહીં કે ભૌતિક ચીજોની." પત્નીએ સરપંચને સમજ પાડવાની કોશિશ કરી. પણ સરપંચે પોતાના માનના તાનમાં પત્નીની વાત પર કોઈ દરકાર ના કરી.

સંતશ્રીના આગમનના થોડા સમય પહેલા હરિભાઈ અને રામપુર ગામવાસીઓ દાસપુર આવી પહોંચ્યા.

પોતે આપેલા સૂચનો કરતા સાવ વિપરીત વ્યવસ્થા જોઈને હરિભાઈને આંચકો લાગ્યો.

"આ શું સરપંચજી ? મેં તો તમને પહેલા જ કહ્યું હતું કે સંતશ્રીને આવી જાહોજલાલી પસંદ નહીં પડે. આ બત્રીસ જાતના પકવાનો, આ મલમલના આસનો, આ બધું સંતશ્રીને ના ખપે," હરિભાઈથી કહ્યા વગર રહેવાયું નહીં.

"અરે હરિભાઈ, જીવનમાં પહેલી વાર આવી સેવાનો અવસર પ્રાપ્ત થયો છે. અમારા ભાવ પૂરા થવા દો

ને. તમે રામપુર વાસીઓ ફક્ત સત્સંગનો લાભ લો. અમે યજમાન છીએ, અને તમે અમારા મહેમાન.'' સરપંચને હરિભાઈની વાતનો અસ્વીકાર કરવાનો બિલકુલ ખેદ નહોતો, પણ પોતે કરેલી વ્યવસ્થા પર ગર્વ હતો.

રામપુર ગામવાસીઓને સરપંચનો આવો વ્યવહાર બહુ જ અજુગતો લાગ્યો.

''હરિભાઈ, આપે જેવી સંતની સંભાળ રાખી છે એવી તો કોઈ ના રાખી શકે. સંતની નારાજગી જોઈને આ સરપંચ ઠેકાણે આવી જશે,'' એક શેઠે હરિભાઈને આશ્વાસન આપ્યું.

''ખરું કહો છો શેઠ. આ સરપંચની મતિ મારી ગઈ છે કે એણે હરિભાઈના સૂચનોની અવગણના કરી. જે વ્યક્તિએ આખું જીવન સંતની સેવા કરી છે, એની વાત તો સાંભળવી જોઈએને.'' બીજાએ શેઠની વાતમાં સહમતી પરોવી.

કોઈ પણ જાતનો પ્રતિભાવ આપ્યા વગર હરિભાઈ ત્યાંથી ચાલ્યા ગયા. લોકોને લાગ્યું કે હરિભાઈને કોઈની ટીકા-ટીપ્પણીમાં રસ નહીં હોય. પણ હકીકત તો એ હતી કે આ વાતો સાંભળીને, હરિભાઈને અંદર ખુબ જ મીઠાશ વર્તાઈ. પોતાના ગામ વાસીઓની નજરમાં પોતે સાચા અને સરપંચ ખોટા હતા એ વાત જાણીને તેઓ ખુશ થયા હતા.

દાસપુર ગામમાં સંતશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સંતે પોતાનાં દર્શન માત્રથી લોકોના દિલ જીતી લીધા. સુંદર સત્સંગ થયો.

ભોજનનો સમય થયો. મોંઘાદાટ આસનો પાથરવામાં આવ્યા. ચાંદીના વાસણોમાં જાતજાતની વાનગીઓ પીરસાઈ. હરિભાઈના ચહેરા પર ગંભીરતા હતી. પણ મનમાં એ હરખાઈ રહ્યા હતા, ''જ્યારે સંત પોતાની નારાજગી વ્યક્ત કરશે ત્યારે આ સરપંચને સમજાશે કે મારી સલાહ ના માનીને એમણે કેવી મોટી ભૂલ કરી છે.''

સંતશ્રી આસન પર બિરાજ્યા. એમના મુખ પર સ્થિરતા હતી.

''સરપંચજી, દાસપુર ગામનો આનંદ ઉલ્લાસ જોઈને અમને ખુબ પ્રસન્નતા થઈ છે.'' સંત બોલ્યા.

સરપંચનું નીચું પડશે એમ માનીને ખુશ થઈ રહેલા હરિભાઈની આશા પર પાણી ફરી ગયું. ''આ શું ? સંતશ્રીએ સહેજ પણ અણગમો વ્યક્ત ના કર્યો ? મને એમ કે....''

''હરિભાઈ, ખીર અમે અમારા ખંડમાં ગ્રહણ કરીશું. ખીરનો વાડકો અને લીંબુનો ટુકડો લઈ અમારા ખંડમાં આવો,'' સંતે હરિભાઈને વિચારોમાંથી ઢંઢોળ્યા. ત્યાં ઉપસ્થિત બધા જ ગામવાસીઓને આશીર્વાદ પાઠવીને સંત પોતાના ખંડમાં ગયા.

હરિભાઈએ ખીરનો વાડકો સંતને ધર્યો.

''લીંબુના બે ટીપાં ખીરમાં નાખો.'' સંતે કહ્યું.

હરિભાઈને અચંબો થયો. પણ એમણે સંતના કહ્યા પ્રમાણે કર્યું.

''હવે લાવો આ ખીર,'' સંતે કહ્યું.

''માફ કરજો પ્રભુ. હું આપને આ ખીર નહીં આપી શકું. આવી ખીર ગ્રહણ કરશો તો રોગ થઈ જશે.'' હરિભાઈએ બે હાથ જોડીને કહ્યું.

"ખરું કહો છો હરિભાઈ. જેમ લીંબુના બે ટીપાં પડવાથી ખીર રોગીષ્ટ બની જાય, એમ જો પાશવી સુખના ટીપાં આપણી મહીં રેડાય તો આપણે માનવ-ગુણો ખોઈને પશુ જેવા થઈ જઈએ." સંતને પોતાનો આશય ખુલ્લો કર્યો.

"પાશવી સુખ ?" હરિભાઈને કંઈ સમજાયું નહીં.

"હા હરિભાઈ. જેના પ્રત્યે આપણને અણગમો હોય, એનું નીચું પડે ત્યારે આપણને જે આનંદ થાય, એ પાશવી આનંદ કહેવાય. તમે કહેલી સૂચનાઓ સરપંચે ના માની, તેથી તમને એમના પ્રતિ અભાવ થઈ ગયો હતો. જો મેં સરપંચને બે કઠોર શબ્દ કહ્યા હોત, તો તમને સુખ થાત કે દુઃખ ?" સંતે હરિભાઈને એમની મહીં પેસી ગયેલા રોગની ઓળખાણ કરાવી.

હરિભાઈ નીચું જોઈ રહ્યા. હવે એમને સંતની વાત સમજાઈ રહી હતી, "સુખ થાત પ્રભુ."

"અરે, સરપંચનું નીચું પડશે એવી કલ્પના કરીને પણ તમે સુખી થઈ ગયા હતા. ગામવાસીઓએ સરપંચને ખોટા અને તમને સાચા ઠરાવ્યા ત્યારે પણ તમને મીઠાશ વર્તાઈ હતી ને." સંતે તો હરિભાઈના બધા જ ભાવ વાંચી લીધા હતા, "સામાના દુઃખે જો આપણે સુખી થઈએ તો આપણે કેટલા નીચે પડી જઈએ ! તમે કાયમ અમારી સેવામાં રહો છો. તમારું આવું નુકસાન અમને કેવી રીતે પોષાય!"

સંતના કરુણાભર્યા વેણ સાંભળીને, હરિભાઈની આંખોમાંથી પશ્ચાતાપના આંસુ સરી પડ્યા.

"માફ કરજો પ્રભુ, હવે આવી ભૂલ ક્યારેય નહીં કરું" કહી હરિભાઈએ સંતના ચરણ પકડી લીધા.

> "લીંબુના બે ટીપાં ખીરમાં નાખો."



# ચાલો રમીએ...




## ૧)

નીચે આપેલ બોક્સમાં કયો નંબર આવશે ?

| | | | |
|---|---|---|---|
| | 6 | 3 | 2 |
| - | 3 | ☐ | 5 |
| | 2 | 6 | 7 |


## ૨)

બાળમિત્રો, બાજુમાં આપેલ દરેક બાળકને તેમની મનગમતી વસ્તુ સુધી પહોંચવામાં મદદ કરો.






જાદૂઈ કેમેરા
'સ્ટોરી ટેલિંગ' ક્લાસમાં બધા ધ્યાનથી વાર્તા સાંભળી રહ્યા હતા.
...સૂરજ, નીરજ અને ધીરજ એ જુદી જ જાતના કેમેરાને આમતેમ ફેરવી જોવા લાગ્યા. કેમેરો જુદી જ જાતનો હતો.
પછી ત્રણેવ મિત્રોએ અવનવા પોઝીઝ આપી, ફોટા પાડ્યા.
પણ હવે આ ફોટા જોવા કેવી રીતે ? બધાને મૂંઝવણ થઈ.
દીદી, સૂરજના મોટાભાઈ તો ફોટોગ્રાફર હતા ને.


હા. ટોળકી મોટાભાઈ પાસે ગઈ. મહામહેનતે મોટાભાઈએ એ નવીન કેમેરામાંથી ફોટાઓની પ્રિન્ટ કાઢી. ફોટાઓ જોઈને બધાને તમ્મર આવી ગયા. આવા કેવા ફોટા ? આ કેવો કેમેરો છે ?
એવું તો શું હતું એ ફોટાઓમાં, દીદી ?
એ સસ્પેન્સ આપણે આવતા અઠવાડિયે ખોલીશું. આજનો સ્ટોરી ટાઈમ અહીંયા સમાપ્ત.
ઓહ દીદી, તમે હંમેશા સસ્પેન્સ ક્રિએટ કરીને જ સ્ટોરી એન્ડ કરો છો.
ત્યાં તો કીર્તન, વંદનની બાજુમાં આવીને બેસી ગયો.
ચિંતા ના કર દોસ્ત. નેક્સ્ટ વિક સસ્પેન્સ ખુલશે એ પહેલાં આપણે પણ એ ટોળકીની જેમ, નેચર પાર્કમાં જઈને ડીજીટલ કેમેરામાં ફોટોગ્રાફ્સ લઈશું.
ડીજીટલ કેમેરો ?
યસ. બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીતવાની ખુશીમાં ડેડીએ મને ડીજીટલ કેમેરો અપાવ્યો છે. શશાંકભાઈ આપણી સાથે આવશે.
ઓ.કે.
વંદનના મોઢા પર સ્માઈલ હતું. પણ અંદર એને કીર્તન માટે જેલસી થઈ.
કીર્તનના પપ્પા એની બધી જ ડિમાન્ડ પૂરી કરે છે. જે માંગે એ હાજર થઈ જાય. અને મારે તો.....



નેચર પાર્કના શાંત અને રળિયામણા તળાવમાં, ગુલાબી ફ્લેમિન્ગો ખુબ જ સુંદર લાગી રહ્યા હતા. કીર્તન ફોટોગ્રાફી કરવામાં મશગુલ બની ગયો.
કીર્તન, મને કેમેરો આપીશ ? આઈ વોન્ટ ટુ ક્લિક સમ પીક્ચર્સ.
હા, શ્યોર. થોડી વાર રહીને આપું.
વંદનને અપમાનજનક લાગ્યું.
થોડી વાર રહીને એટલે શું ? ક્યારનો ફોટા પાડે છે. તરત આપતા શું જતું હતું?
ત્યાં તો કીર્તન કાદવમાં લપસ્યો. કેમેરો એના હાથમાંથી છટકીને પથ્થર પર પડ્યો અને એનો લેન્સ તૂટી ગયો.
શશાંકભાઈ અને વંદને કીર્તનને ઉભો કર્યો.
વાગ્યું નથીને દોસ્ત ?
મને તો નથી વાગ્યું પણ કેમેરો.....
અરે યાર, ડોન્ટ વરી. કેમેરો તો રીપેર થઈ જશે.
વંદને કીર્તનને બહારથી આશ્વાસન આપ્યું, પણ અંદરથી એ રાજી થયો. કેમેરો રીપેર થાય એવી એને સહેજ પણ ઈચ્છા નહોતી.


બીજા અઠવાડિયે, સ્ટોરી-ટેલીંગ ક્લાસમાં દીદીએ 'જાદુઈ કેમેરા'નું સસ્પેન્સ ખોલ્યું
જાણો છો મિત્રો, એ ફોટામાં શું હતું ? ફોટામાં ચહેરા તો ત્રણેવ મિત્રોના હતા, પણ સૂરજ અને નીરજનો આકાર એક ભયાનક પશુ જેવો હતો.
આ રહસ્યનો ફોડ સમજવા દર વખતની જેમ ટોળકી પહોંચી....
દાઢીવાળા બાવા પાસે
ફોટા જોઈને બાવાજીની આંખો એકદમ કડક થઈ ગઈ.
આ જાદૂઈ કેમેરો છે, જે તમારા રૂપનો નહીં, પણ અંદરના ભાવોના ફોટા પાડે છે.
આજે ધીરજની નિષ્ફળતા પર તમે જે રાજી થયા, એને પાશવી આનંદ કહેવાય. એ પાશવતાનો ફોટો આ કેમેરાએ પાડ્યો.
સૂરજ-નીરજ સ્તબ્ધ બની ગયા. શરમથી એમની આંખો ઝુકી ગઈ. તે દિવસથી બંનેએ નક્કી કર્યું કે ઉંઘમાં પણ પાશવી આનંદ લેવો નહીં. ધીરજ બેઉ મિત્રોને જોઈ રહ્યો.

# મીઠી યાદેં



બધા બ્રહ્મચારી ભાઈઓમાંથી એક ભાઈના કુટુંબમાંથી ક્યારેય કોઈ આવે નહીં. એક વાર એમના મધર અને બીજા થોડા વ્યક્તિઓ નીરુમાના સત્સંગમાં આવ્યા. એ જોઈને એ ભાઈ બહુ જ ખુશ થઈ ગયા. સત્સંગ પૂરો થયા પછી ખુશીમાં ને ખુશીમાં તેઓ બધા ભાઈઓ સમક્ષ બોલ્યા, આજે તો મારા મમ્મી ને ફોઈ, બધાં સત્સંગમાં આવેલાં.

આ સાંભળીને એક ભાઈ તરત બોલ્યા, "મમ્મી આવ્યા એવું નહીં, 'ફાઈલ' આવ્યા હોય એવું રાખ."

આ સાંભળીને પેલા ભાઈને બહુ દુઃખ થઈ ગયું કે, આવી કમેન્ટ આપીને, પોતાની ખુશીમાં સહભાગી થવાને બદલે એના પર આખું પાણી ફેરવી નાખ્યું. એટલે પછી એમણે પેલા ભાઈ સાથે બોલવાનું બંધ કરી દીધું. કામ પૂરતી વાત પણ બીજાથી પતતું હોય તો એ રીતે પતાવી દે.

એનો આવો વ્યવહાર જોઈને પેલા ભાઈને સમજાયું કે મારાથી કંઈક ભૂલ થઈ છે. એટલે એમણે પ્રતિક્રમણ શરુ કરી દીધા. પછી એમણે નીરુમાને બધી વાત કરી.

નીરુમાએ કહ્યું, "તને ખ્યાલ આવ્યો કે તારી આવી વાણી કેમ નીકળી?"

ભાઈએ 'ના' પાડી.

નીરુમાએ કહ્યું, "હું કંઈક જાણું છું નો રોગ ચાલું થઈ ગયો છે. હું જ્ઞાનમાં રહું છું, તું જ્ઞાનમાં નથી રહેતો. પોતે બહુ જ્ઞાનમાં રહે છે એવું મહીં વર્તતુ હોયને તો જ આવી વાણી નીકળે. આને અંધારાની ભૂલ કહેવાય. વાણી એ ખુલ્લો અહંકાર છે, ઉઘાડો અહંકાર છે. વાણી શું નીકળે છે એની પરથી મહીં અહંકાર શું વર્તે છે એની ખબર પડે."

પછી તો નીરુમાએ બરાબરના ખખડાવ્યા અને કહે, "શ્રીમદજી કહે છે કે, જ્યાં સુધી પોતાનો આત્મા સ્પષ્ટપણે અનુભવમાં નથી આવતો, ત્યાં સુધી જ્ઞાની પુરૂષ એ જ મારો આત્મા છે એવું નિઃશંકપણે માનજો. એટલે જ્ઞાની આપણો અરીસો કહેવાય. પોતાને મહીં પોતાની ભૂલ ના જડતી હોય તો એ જ્ઞાની જ દેખાડી આપે. એટલે એ જ્ઞાની પાસે પોતાની ભૂલો જેટલી ખુલ્લી થશે ને, ભલે આટલા બધાની હાજરીમાં વાત કરવાની હિંમત ના આવતી હોય તો વર્ષે એકવાર લખીને રિપોર્ટ તો આપી શકાયને. એ આપીએ છીએને એ બહુ હેલ્પ કરે છે."

બધી વાતો સાંભળીને પેલા ભાઈને નીરુમા માટે ખૂબ અહોભાવ ઉત્પન્ન થયો કે,

**ધન્ય છે કે મને મારી ભૂલમાંથી બહાર કાઢી શકે એવા જ્ઞાની ભેગા થયા.**

# ૧) ટોમસ બોર્ગે



ટોમસ બોર્ગે એ નિકારાગુઆ દેશમાં ચાલી રહેલી રાજનીતિ વિરુદ્ધ એક ક્રાંતિ શરૂ કરી હતી. આ ક્રાંતિના તેઓ લીડર હતા. રાજનેતાઓએ ટોમસની ધરપકડ કરાવી, એમને જેલમાં પુરાવી દીધા. લગભગ ૫૦૦ કલાક સુધી એમને અનહદ યાતના આપવામાં આવી.

ક્રાંતિ બાદ ટોમસને જેલમાંથી મુક્ત કર્યા. તેઓ દેશના ઈન્ટીરીયર મીનીસ્ટર બન્યા.

એક દિવસ, એક વ્યક્તિને ટોમસે જેલમાં જોયા. એમની પાસે જઈ ટોમસે પોતાનો હાથ લંબાવ્યો. આ વ્યક્તિ, એ જ જેલર હતા, જેમણે નિર્દય બનીને ટોમસને અત્યંત કષ્ટ અને પીડા આપ્યા હતા.

હાથ લંબાવીને ટોમસ બોલ્યા, 'આજે વખત આવ્યો બદલો લેવાનો.'

ટોમસનો બદલો એ જ હતો કે એમને કોઈ જ બદલો નહોતો જોઈતો. ટોમસે એ વ્યક્તિનો હાથ પકડીને એમને દિલથી માફી આપી.

આમ, જે વ્યક્તિએ નિર્દય બનીને કલાકો સુધી પોતાને રીબાવ્યા હતા, એમની દુર્દશા જોઈને ટોમસને સહેજ પણ સુખ નહોતું થયું. 'આવી વ્યક્તિ સાથે આવું જ થવું જોઈએ,' એવો વિચાર કે કલ્પના કરીને, ટોમસે પાશવી સુખ નહોતું ભોગવ્યું. દિલથી એ વ્યક્તિને માફી આપીને, તેઓ વેરમાંથી છૂટી ગયા હતા.

# ૨)વેલ્કમ હોમ, મિસ્ટર પ્રેસીડન્ટ

અમેરિકાના ઈતિહાસમાં, રિચર્ડ નિકસન એક માત્ર પ્રેસીડન્ટ છે, જેમને પોતાના પદ પરથી રાજીનામું આપેલું. અમુક ખોટા નિર્ણયો લેવાને કારણે એમની ખુબ માનહાની થઈ હતી. સમાજમાં એમનો બહિષ્કાર થયેલો.



હુબર્ટ હમ્ફી, અમેરિકાના પૂર્વ વાઈસ-પ્રેસીડન્ટ હતા. હમ્ફીનું મૃત્યુ થયું ત્યારે દેશ-વિદેશથી લોકો

## જીવંત ઉદાહરણ

એમની અંતિમ પ્રાર્થના સભામાં આવેલા. આ સભામાં સહુ સ્વીકાર્ય હતા, સિવાય એક. નિકસનની ઉપસ્થિતિ કોઈને મંજૂર નહોતી.

તે વખતના પ્રેસીડન્ટ જીમ્મી કાર્ટર જ્યારે સભામાં આવ્યા, ત્યારે એમણે જોયું કે નિકસન રૂમના એક ખૂણામાં એકલા ઊભા હતા.

કાર્ટર, નિકસન પાસે ગયા અને હાથ લંબાવીને પ્રેમથી બોલ્યા, 'વેલકમ હોમ, મિસ્ટર પ્રેસીડન્ટ'

કાર્ટર, નિકસનના પ્રતિસ્પર્ધી હતા. પણ, પોતાના પ્રતિસ્પર્ધીની શરમજનક સ્થિતિ જોઈ, પાશવી સુખ લેવું કાર્ટરને મંજૂર નહોતું. જ્યારે સભામાં ઉપસ્થિત સહુએ નિકસનની અવગણના કરી, ત્યારે કાર્ટરે પ્રેમનો રસ્તો અપનાવ્યો. દિલથી આવકાર આપી, કાર્ટરે નિકસનને સભામાં સમાવી લીધા.

# અડાલજ ખાતે પૂજ્યશ્રીના ૬૬ મા જન્મદિવસની ઉજવણી








રાજકોટ, ભરૂચ, ગાંધીનગર, બરોડા,
જામનગર, ભાવનગર, મહેસાણા,
અમદાવાદમાં યોજાયેલા સમરકેમ્પની ઝલક

Summer Camp 2018



## પઝલના જવાબો

૧) ક ૨) a-3
b-2
c-4
d-1

Akram Express

June 2018
Year : 10, Issue : 10
Conti. Issue No.: 118

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month



# અને છેલ્લે છેલ્લે...

"તું કેટલી બદસૂરત લાગે છે!"
"તારા ડાચાના ઠેકાણા તો જો, બરોબર હસતા પણ નથી આવડતું?"
"અહીંથી તારો ફોટો હટાવ, સાવ ડબ્બુ લાગે છે!"
"ઓનલાઈન થઈને આવું કરાય જ કેમ ? તને કાંઈ ભાન-બાન પડે છે?"
"આવાં સેન્સલેસ કામો કરવાને બદલે તારે તો મરી જવું જોઈએ!"
"તને શરમ ના આવી આવું કરતાં પહેલા. ડૂબી મર! ઢાંકણીમાં પાણી લઈને."

શિકાગોમાં ભણતી ૧૩ વર્ષની ત્રિશા પ્રભુએ એક દિવસ પેપરમાં સમાચાર વાંચ્યા જેમાં તેના જ વયની એક છોકરી રેબેકાએ આપઘાત કર્યાની વિગતો હતી. એ લેખ વાંચીને ત્રિશા હલી ગઈ. રેબેકાની એક ફ્રેન્ડ વારેવારે રેબેકાને ઉપર મુજબના કમેન્ટ્સ આપતી. નાની વયમાં એવી કમેન્ટ્સથી કંટાળીને રેબેકાએ આખરે આપઘાત કર્યો.

આ પ્રસંગે ત્રિશાને એક નવી દિશા આપી. Stop Cyberbullying on Social Media નું મિશન શરૂ કરવાની. એક ટીન-એજ છોકરી શું શું અનુભવી શકે છે, વિચારી શકે છે એનો અભ્યાસ કરીને એણે મોબાઈલની એક એપ બનાવી. Re-Think

આ એપ એવા બુલિશ લોકો માટે બનાવી જેઓ શબ્દોથી 'બીજાની સળી કરવામાં પાશવી આનંદ મેળવતા હોય, જેમને બીજાને નહીં જેવા કારણોમાં પણ જાતજાતની કમેન્ટ્સ દ્વારા પજવવાની મજા આવતી હોય, જેઓને બીજાને નીચે પાડવામાં મજા આવતી હોય.

મોબાઈલ પર, સોશ્યલ મીડિયામાં કોઈને કાંઈપણ ટાઈપ કરતી વખતે આ એપ તમને ઘડીકભર માટે એમ કહી રોકી લે છે. "સબૂર! મને લાગી રહ્યું છે કે તારા આ શબ્દોથી વાંચનારની લાગણી ઘવાઈ રહી છે. તારાથી અપશબ્દો લખાઈ રહ્યાં છે. મારું સજેશન છે કે..તું આવું ન કર અને થોડીવાર રોકાઈ જા."

ત્રિશાની આ એપથી, ખાસ કરીને ઘણા ટીન-એજ છોકરા-છોકરીઓ Cyberbullying કરતા અટકી ગયા છે. અને થોડાં સમય બાદ તેમને હાશકારો અનુભવાયો છે.

આટલી નાનકડી વયમાં ત્રિશાએ આવડું મોટું સામાજિક કાર્ય કર્યું તેથી ગૂગલે તેને સાયન્સ ફેરમાં ૧,૦૦,૦૦૦ ડોલર્સનો સોશ્યલ અચિવમેન્ટ એપ એવોર્ડ આપ્યો છે.

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.